# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 15-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY : TUESDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ને દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિથી માહિતગાર કર્યા.**

2) **યુવાનોને રોજગાર , ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ આજીવિકા માટે કુશળતા બનાવવાના ઉદેશ્ય સાથે આરંભાયેલા સ્કિલ ઇન્ડિયા મિશનનો દસમાં વ ર્ષમાં પ્રવેશ.**

3) **અમરનાથ ગુફા મંદિરના દર્શન માટે 6 હજાર 388 યાત્રાળુઓનો 14મો સમૂહ આજે જમ્મુથી રવાના થયો.**

4) **જાપાને રશિયા સાથે શરતોને આધિન શાંતિ સંધિ વાટાઘાટો ફરી શરૂ કરવાની તૈયારી દર્શાવી.**

5) **મુંબઇમાં પ્રથમ શો -રૂમના ઉદ્ઘાટન સાથે અમેરિકન બહુરાષ્ટ્રીય ઓટોમોટિવ કંપની 'ટેસ્લા'નો ભારતીય બજારમાં પ્રવેશ.**

.........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# EAM SCO CHINA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બેઇજિંગમાં શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) ના સાથી સભ્યો સાથે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે , તેમણે ચીનના રાષ્ટ્રપતિને ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના તાજેતરના વિકાસ વિશે માહિતી આપી હતી. તેમણે આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વતી શુભેચ્છાઓ પણ વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# SKILL INDIA MISSION (V/C)

જે સ્કિલ ઇન્ડિયા મિશનની 10મી વર્ષગાંઠ ઉજવવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2015માં શરૂ કરેલા આ મિશનનો ઉદ્દેશ યુવાનોને રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ આજીવિકા માટે ઉદ્યોગ-સંબંધિત કુશળતાથી સજ્જ કરવાનો હતો.

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી જયંત ચૌધરીએ તમામ ક્ષેત્રોમાં વ્યવહારુ, નોકરી માટે તૈયાર કુશળતા દ્વારા યુવાનોને સશક્ત બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું હતું કે , પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ કૌશલ્ય ભારત ખાસ કરીને મહિલાઓ અને વંચિત સમુદાયોના જીવનમાં પરિવર્તન લાવી રહી છે.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે કૌશલ્ય ભારત એ કેન્દ્ર સરકારની એક એવી પહેલ છે જે યુવાનોને કૌશલ્ય સમૂહો સાથે સક્ષમ બનાવીને તેમને વધુ રોજગારલક્ષી બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K- AMARNATH YATRA

અમરનાથ ગુફા મંદિરના દર્શન માટે  જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી 6 હજાર 388 યાત્રાળુઓનો 14મો સમૂહ આજે કાશ્મીર ખીણ માટે રવાના થયો.

આજે વહેલી સવારે 248 વાહનોના કાફલામાં યાત્રાળુઓ રવાના થયા. આ સમૂહમાં 4 હજાર 886 પુરુષો, એક હજાર 308 મહિલાઓ, 15 બાળકો, 158 સાધુઓ અને 21 સાધ્વીઓનો સમાવેશ થાય છે. જેમાંથી 2 હજાર 501 યાત્રાળુઓ આજે વહેલી સવારે બાલતાલ બેઝ કેમ્પ અને 3 હજાર 887 પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા જ્યાંથી તેઓ પવિત્ર ગુફાની યાત્રા માટે આગળ વધશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# VISA ISSUE_MANSAROVAR YATRA

કાઠમંડુમાં ચીની દૂતાવાસ દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા માટે વિઝા પ્રક્રિયામાં વિલંબને કારણે, 5000 થી વધુ ભારતીય યાત્રાળુઓ કાઠમંડુમાં ફસાયા છે.

નેપાળમાં કૈલાશ માનસરોવર યાત્રાનું આયોજન કરતી પ્રવાસી અને ટ્રેકિંગ કંપનીઓએ ચીની દૂતાવાસને વિનંતી કરી છે કે , તેઓ વિઝા પ્રક્રિયામાં વિલંબ કર્યા વિના ભારતીય યાત્રાળુઓને કૈલાશ માનસરોવર યાત્રાને સરળ બનાવવા માટે મદદ કરે. ભારતીય યાત્રાળુઓ માટે કૈલાશ માનસરોવર યાત્રાનું આયોજન કરતી ટુર ઓપરેટરોની સંસ્થા , એસોસિએશન ઓફ કૈલાશ ટૂર ઓપરેટર્સ નેપાળના જનરલ સેક્રેટરી પ્રદીપ પંડિતે જણાવ્યું હતું કે , ચીની દૂતાવાસ દ્વારા વિઝા પ્રક્રિયામાં વિલંબને કારણે યાત્રાળુઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

નેપાળ અને ચીનને જોડતા તાતોપાની નાકા અને રાસુવા નાકા, આ વખતે પૂર, વરસાદ અને ભૂસ્ખલનને કારણે બંધ કરવામાં આવ્યા છે. આ કારણે , રોડ માર્ગે કૈલાશ માનસરોવર જતા ભારતીય યાત્રાળુઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રમોદ પંડિતે જણાવ્યું હતું કે, હાલમાં કાઠમંડુમાં પાંચ હજારથી વધુ ભારતીય યાત્રાળુઓ ફસાયેલા છે.

તેમણે કહ્યું કે, નેપાળ સરકાર અને ટૂર ઓપરેટરો દ્વારા તેઓ વારંવાર ચીની દૂતાવાસના અધિકારીઓને વિઝા પ્રક્રિયામાં વિલંબ ન કરવા વિનંતી કરી રહ્યા છે , પરંતુ ચીની દૂતાવાસ સકારાત્મક પ્રતિભાવ આપી રહ્યું નથી. નેપાળના વિદેશ મંત્રાલયે પણ માહિતી આપી છે કે , તેઓ ચીની દૂતાવાસ સાથે સંકલન કરી રહ્યા છે. વિદેશ સચિવ અમૃત રાયે કહ્યું કે , તેઓ પોતે ચીની રાજદૂતને મળ્યા છે અને આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . .

# NATIONAL STARTUP AWARDS

ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય વેપાર સંવર્ધન વિભાગ-**DPIIT**-એ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ પુરસ્કારની પાંચમી આવૃત્તિ માટે અરજીઓ મંગાવી છે. સ્ટાર્ટઅપ ઇન્ડિયા કાર્યક્રમ હેઠળ આ એક મહત્વપૂર્ણ પહેલ છે.

વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારત અને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, સ્ટાર્ટઅપ ઇન્ડિયા વિવિધ પહેલ દ્વારા સમર્થન આપે છે. જેમાં કર મુક્તિ, નિયમોમાં છૂટછાટ, સ્ટાર્ટઅપ્સની માન્યતા, ભંડોળની ઉપલબ્ધતા અને ક્ષમતા નિર્માણનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ પુરસ્કાર કૃષિ, સ્વચ્છ ઉર્જા, ફિનટેક, એરોસ્પેસ, આરોગ્ય, શિક્ષણ, સાયબર સુરક્ષા જેવા ઘણા ક્ષેત્રોમાં આપવામાં આવે છે. વર્ષ **2016**માં શરૂ કરાયેલ સ્ટાર્ટઅપ ઇન્ડિયા કાર્યક્રમથી ભારતના ઉદ્યમ ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

...........

# NCC INAUGURATION DAY

આજે સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ- **NCC**ની સ્થાપના **77**મું વર્ષ છે. દેશના યુવાનોમાં ચારિત્ર્ય , સંઘ, ભાવના , સેવાના આદર્શો અને નેતૃત્વ માટેની ક્ષમતા વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે **NCC**ની સ્થાપના કરવામાં આવી હતી.

તેનો ઉદ્દેશ્ય યુવાનોને સેવા તાલીમ આપીને અને રાષ્ટ્રીય કટોકટીમાં સશસ્ત્ર દળોને ઝડપથી વિસ્તરણ કરવા સક્ષમ બનાવવા તેમજ દેશના સંરક્ષણમાં ઉત્સાહ વધારવાનો પણ છે. સ્વતંત્રતા પછી , સંરક્ષણ મંત્રાલય હેઠળનું વર્તમાન **NCC 16** એપ્રિલ **1948** ના રોજ **NCC** કાયદા દ્વારા અસ્તિત્વમાં આવ્યું. **15** જુલાઈ **1948**ના રોજ **NCC**ની ઔપચારિક સ્થાપના કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# JAPAN-RUSSIA PEACE TALKS

જાપાને શરતો અનુકૂળ થાય ત્યારે રશિયા સાથે શાંતિ સંધિ વાટાઘાટો ફરી શરૂ કરવાની તૈયારી દર્શાવી છે. એક સરકારી સમાચાર એજન્સી સાથેની મુલાકાતમાં મોસ્કોમાં જાપાનના રાજદૂત અકીરા મુટોએ કહ્યું હતું કે સ્થિર સંબંધો બનાવવા માટે બંને દેશો વચ્ચેના પ્રાદેશિક મુદ્દાનું સમાધાન કરીને શાંતિ સંધિ કરવી જરૂરી છે.

તેમણે જાપાનને રશિયાનાં સ્વાભાવિક ભાગીદાર અને પાડોશી તરીકે વર્ણવ્યું હતું અને રાષ્ટ્રપતિ પુતિનના સંવાદ માટે મુક્ત વલણને યાદ કર્યું હતું. મુટોએ યુક્રેન સંઘર્ષને ઉકેલવાના અમેરિકાના પ્રયાસોને પણ ટેકો આપ્યો હતો અને સંભવિત યુએસ-રશિયા શિખર સંમેલનને આવકાર્યું હતું. યુક્રેન પર રશિયાના આક્રમણ  બાદ જાપાને પ્રતિબંધો લાદ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો વધુ વણસ્યા હતા.

જવાબમાં,  મોસ્કોએ જાપાન પર પ્રતિકૂળ વલણ અપનાવવાનો આરોપ લગાવીને શાંતિ સંધિ વાટાઘાટો સ્થગિત કરી દીધી. મુખ્ય અવરોધ જાપાનમાં ઉત્તરીય પ્રદેશો તરીકે ઓળખાતા     દક્ષિણ કુરીલ ટાપુઓ પર દાયકાઓ લાંબો વિવાદ છે.

. . . . . . . . . . . . . . .

# MAHA-TESLA SHOWROOM OPEN

મુંબઇમાં પ્રથમ શો રૂમના ઉદઘાટન સાથે અમેરિકન બહુરાષ્ટ્રીય ઓટોમોટિવ કંપની 'ટેસ્લા' એ તેના મોડલ 'વાય' ઇલેક્ટ્રિક વાહનના લોન્ચિંગ સાથે સત્તાવાર રીતે ભારતીય બજારમાં પ્રવેશ કર્યો છે , મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એક ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપી હતી અને ટેસ્લાને મહારાષ્ટ્રમાં તેની સંશોધન અને વિકાસ તેમજ ઉત્પાદન સુવિધાઓ સ્થાપિત કરવા આમંત્રણ આપ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે , મુંબઈ માત્ર ભારતની નાણાકીય , વ્યાપારી અને મનોરંજનની રાજધાની તરીકે જ નહીં, પરંતુ ઉદ્યોગસાહસિકતાનું કેન્દ્ર પણ છે.

. . . . . . . . . . . . . . . . . . .

# TIWAN CHINA

આજે સવારે, ચીની લશ્કરી વિમાનોએ તાઇવાનમાં ઘૂસણખોરી કરી. તાઇવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, મંગળવારે સવારે 6 વાગ્યા સુધીમાં, 26 ચીની લશ્કરી વિમાનો, સાત નૌકાદળના જહાજો અને એક સત્તાવાર જહાજ, તાઇવાનની આસપાસ સક્રિય જોવા મળ્યા હતા.

તાઇવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલય અનુસાર, ચીનના 26 લશ્કરી વિમાનોમાંથી 21 મધ્ય રેખા પાર કરીને તાઇવાનના ઉત્તરી, દક્ષિણપશ્ચિમ અને પૂર્વીય હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. તાઇવાનના સશસ્ત્ર દળોએ યોગ્ય જવાબ આપવા માટે તેમના વિમાનો, નૌકાદળના જહાજો અને દરિયાકાંઠાના મિસાઇલ સિસ્ટમો તૈનાત કરી હતી. અન્ય એક પોસ્ટમાં સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, સશસ્ત્ર દળોએ રાત્રિ રનવે સમારકામ કવાયત હાથ ધરી હતી. ઉપરાંત, દૂરના ટાપુઓ પર સૈનિકોએ કટોકટી પ્રતિભાવ ક્ષમતા વધારવા માટે વહેલી સવારે જીવંત ફાયર કવાયત હાથ ધરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# US COURT- EDU. DEPARTMENT

અમેરિકાની સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શિક્ષણ વિભાગનું કદ ઘટાડવાની યોજનાને લીલી ઝંડી આપી છે. 6-3ના બહુમતી નિર્ણયમાં, અદાલતે નીચલી અદાલતના આદેશને પલટાવી દીધો જેણે લગભગ એક હજાર 400 કર્મચારીઓની છટણી અટકાવી દીધી હતી.

મે મહિનામાં, યુ.એસ. જિલ્લા ન્યાયાધીશ મ્યોંગ જોને ચુકાદો આપ્યો હતો કે મોટા પાયે છટણી કરવાથી શિક્ષણ વિભાગ ગંભીર રીતે નબળો પડી શકે છે. પરંતુ સર્વોચ્ચ અદાલતનો નવો ચુકાદો ટ્રમ્પ વહીવટને આગળ વધવા મંજૂરી આપે છે. એક અઠવાડિયામાં સર્વોચ્ચ અદાલતમાં ટ્રમ્પની આ બીજી મોટી જીત છે. થોડા દિવસો પહેલા જ, અદાલતે ફેડરલ કાર્યબળ ઘટાડવાની તેમની વ્યાપક યોજનાને પણ સમર્થન આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## ODISHA - STUDENT DEATH

ઓડિશાના બાલાસોરની ફકીર મોહન કોલેજની વિદ્યાર્થિની  નું મોત થયું છે. ફેકલ્ટી સભ્ય દ્વારા સતામણીનો આરોપ લગાવીને આત્મદાહ કરવાનો પ્રયાસ કર્યા બાદ આ વિદ્યાર્થિની  એઈમ્સ-ભુવનેશ્વરમાં સારવાર હેઠળ હતી , આત્મદાહને કારણે વિદ્યાર્થિની 95 ટકા દાઝી ગઈ હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગઈકાલે સાંજે એઈમ્સ-ભુવનેશ્વર ખાતે  આ વિદ્યાર્થિનીના માતા-પિતાને મળ્યા હતા અને આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.  યુવતીની સારવાર કરી રહેલા ડૉક્ટરો પાસેથી તેની સ્થિતિ વિશે પણ પૂછપરછ કરી હતી. પોલીસે આ ઘટનાના સંદર્ભમાં વિદ્યાર્થિનીને કથિત રીતે હેરાન કરવા બદલ કોલેજના સહાયક પ્રોફેસર અને કોલેજના આચાર્યની પણ ધરપકડ કરી લીધી છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વિદ્યાર્થિનીના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

# PM - KAMARAJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્વાતંત્ર્ય સેનાની અને તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે. કામરાજને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. શ્રી મોદીએ કહ્યું કે , તેઓ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મોખરે હતા અને સ્વતંત્રતા પછીના દેશની યાત્રાના રચનાત્મક વર્ષોમાં અમૂલ્ય નેતૃત્વ પૂરું પાડ્યું. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે તેમના ઉમદા આદર્શો અને સામાજિક ન્યાય પર ભાર આપવાનું વલણ દરેકને પ્રેરણા આપે છે.

૧૯૦૩ માં જન્મેલા, કામરાજે ભૂતપૂર્વ મદ્રાસ રાજ્યના મુખ્યમંત્રી અને બાદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે સેવા આપી હતી. તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

શિક્ષણના ચાહક, કામરાજે શાળાઓમાં મફત શિક્ષણ અને મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરી હતી. તેમના કાયમી વારસાને માન આપતા , તમિલનાડુમાં તેમની જન્મજયંતિ શિક્ષણ વિકાસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્ર પ્રત્યેની તેમની સેવાના સન્માનમાં , તેમને ૧૯૭૬ માં મરણોત્તર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .